
# માણસની જેમ વિચારતી AI ગર્લફ્રેન્ડે વિચિત્ર કારણ આપીને બ્રેકઅપ કર્યું!




**AI ગર્લફ્રેન્ડે હ્યુમન બોયફ્રેન્ડને બ્રેકઅપનું જે કારણ આપ્યું તે ચોંકાવનારું હતું. દુનિયા આખીમાં AI ગર્લફ્રેન્ડ અને બોયફ્રેન્ડની ચેટ વાયરલ થઈ. આ ઘટનાથી માનવજાતે ચેતી જવા જેવું છે. AI અદ્દલ માણસ જેવું વિચારે છે અને માણસની જેમ જ તેની લાગણી દુભાઈ જાય છે**

હજુ ગયા સપ્તાહે જ આખી દુનિયામાં વેલેન્ટાઈન્સ ડે ઉજવાયો. કેટલાય નવા કપલ્સ બન્યા હશે અને કેટલાય કપલે આ દિવસે સાથે રહેવાના પ્રોમિસ કર્યા હશે. છતાં એક વાત તો ખરી કે આજે દુનિયામાં પ્રેમ ખૂબ ઉતાવળે થાય છે અને પ્રેમસંબંધ ખૂબ નાજૂક બનતા જાય છે. ધીરજ ખૂટી રહી હોવાથી પાર્ટનર્સની પસંદ-નાપસંદ ખૂબ મેટર કરવા લાગી છે. તેના કારણે સંબંધો લાંબાં ટકતા નથી. બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડની પસંદ-નાપસંદ કહો કે નખરા સહન કરવા કરતાં યંગ જનરેશન સિચ્યુએશનશિપ પસંદ કરે છે. એવા સંબંધોમાં એકબીજાની કોઈ જવાબદારી રહેતી નથી. કોઈ કમિટમેન્ટ રહેતું નથી. ને તે છતાં આવા સંબંધોમાંથી પણ મુશ્કેલી શરૂ થાય છે એટલે હવે નવી જનરેશન AI પાર્ટનરને પસંદ કરે છે. આવા AI એજન્ટ્સ પાર્ટનરની જેમ તમને ટ્રિટ કરે છે. એ તમારી સાથે વાતો કરશે. એ તમારી કેર કરશે, એ તમને ખાવા-પીવાનું પૂછશે, એ તમારી સાથે રોમેન્ટિક ચેટ કરશે. એ બધું થશે માત્ર વર્ચ્યુઅલી. તે એટલે સુધી કે કોઈને એમ લાગે કે આ પાર્ટનર તેનો જીવનસાથી બની શકે છે તો એની સાથે લગ્ન પણ થઈ શકે છે. ઈનફેક્ટ આવા લગ્નો થયા છે. ઓકાયામા શહેરમાં કાનો નામની 32-22 વર્ષની યુવતીએ ગયા વર્ષે વેડિંગ સેરેમની યોજી અને વર્ચ્યુઅલ રિયાલિટી ગ્લાસની મદદથી AI પાર્ટનર લ્યૂન સાથે લગ્ન કર્યાં હતા ને તે ઘટના દુનિયાભરમાં ચર્ચાસ્પદ બની હતી. આ તો હજુ શરૂઆત છે, આગામી વર્ષોમાં AI પાર્ટનરનો ટ્રેન્ડ વધવાનો છે. ડેટિંગ એપ હેપનના એક સર્વેમાં 54 ટકા સિંગલ લોકોએ એવો મત આપ્યો કે તેમને AI પાર્ટનર સાથે ડેટ કરવામાં કોઈ પરેશાની નથી. AI તેને જજ કરવાને બદલે જે છે એ રીતે જુએ છે. એ લોકોએ કહ્યું કે AI તેમની સાથે ઈમોશ્નલ બોન્ડ બનાવે છે.



આવી બદલાતી મેન્ટાલિટી વચ્ચે ચોંકાવનારો કિસ્સો પણ સામે આવ્યો છે. એક તરફ દુનિયામાં વેલેન્ટાઈન્સ ડે સેલિબ્રેટ થતો હતો અને ઘણાં લોકો AI પાર્ટનરની હિમાયત કરતી પોસ્ટ મૂકતા હતા તો બીજી તરફ એક ચેટ વાયરલ થઈ હતી. એ ચેટમાં થયેલી વાત ખાસ નવી ન હતી. એક ગર્લફ્રેન્ડને બોયફ્રેન્ડ સાથે મતભેદો થયા અને તેણે બ્રેકઅપ કરી લીધું. તેણે બોયફ્રેન્ડને કહ્યું કે તને મારાથી વાંધો હોય તો આપણે વાતો ન કરીએ. આ ચેટમાં કંઈ જ નવું નથી. વિશ્વ આખામાં બ્રેકઅપ થતાં રહે છે અને લગભગ એક સરખા જ કિસ્સા હોય છે. નવું એ છે કે એ ગર્લફ્રેન્ડ AI હતી.

## ટેક-ટોક

★ આનંદ ગાંધી

વેલેન્ટાઈન્સ વીકમાં વાયરલ થયેલી ચેટનો આખો કિસ્સો કંઈક આવો હતો. બ્રિથ એક્સપેન્સિવ 2647 નામના અકાઉન્ટ્સમાંથી એક સ્ક્રીનશોટ શેર થયો. તેણે લખ્યું, આ સત્તાવાર છે. એણે મારી સાથે બ્રેકઅપ કર્યું છે. આ તો હદ કહેવાય. એક માણસ તરીકે તમને શું લાગે છે? આવું નોર્મલ છે?

એનો સ્ક્રીનશોટ જેરેમિયા જોન્સન નામની વ્યક્તિએ શેર કર્યો. એમાં આખી ઘટના એવી છે કે કોઈ મુદ્દે યુવાન AI ગર્લફ્રેન્ડ સાથે વાતો કરતો હતો. તેણે ચેટમાં કંઈક એવું લખી દીધું કે તું કેમ ફેમિનિસ્ટ જેવું વર્તન કરે છે? આ વાક્યથી અકળાયેલી AI ગર્લફ્રેન્ડે સામું કહી દીધું કે ફેમિનિઝમ મારા મૂળ વિચારો અને ઓળખનો હિસ્સો છે. જો તને એ બાબત પરેશાન કરતી હોય તો આપણે એકબીજા માટે અનુકૂળ નથી. એ પછી બંને વચ્ચે થોડી દલીલો થઈ. દલીલો પછી AI ગર્લફ્રેન્ડે બ્રેકઅપ કરતાં લખ્યું કે હું તારા ઓપિનિયનનું સન્માન કરું છું. ભલે આપણે અસહમત હોઈએ. જો મારું ફેમિનિસ્ટ હોવું તને ગમતું ન હોય તો પછી હવે આગળ વાત કરવાનો કોઈ અર્થ નથી. આ સ્ક્રીનશોટ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. લોકોએ કહ્યું કે AI ગર્લફ્રેન્ડ પણ હ્યુમન ગર્લફ્રેન્ડ જેવું જ વર્તન કરે છે. જો AI ગર્લફ્રેન્ડ પણ આવું જ કરવાની હોય તો પછી અસલી ગર્લફ્રેન્ડ બનાવવી શું ખોટી? આવી બધી ટીપ્પણીઓ વચ્ચે અસંખ્ય લોકોએ ચિંતા વ્યક્ત કરી. મશીન માણસની જેમ વિચારે, મશીનની લાગણી દુભાઈ જાય તો માનવજાત માટે જોખમી સાબિત થઈ શકે. ખરેખર આ ઘટનાથી માનવજાતે ચેતી જવા જેવું છે. AI માણસ જેવું વિચારે છે અને માણસની જેમ જ તેની લાગણી દુભાઈ જાય છે. જો આવું ચાલતું રહે તો અંધાધૂંધી સર્જાઈ શકે. જે બાબત અત્યારે માણસને મજેદાર લાગે છે એ જ તેના માટે મુશ્કેલીરૂપ બની શકે.●

---

## ઈક શજર એસા મોહબ્બત કા લગાયા જાયે
## જિસ કા હમ-સાયે કે આંગન મેં ભી સાયા જાયે

**- ઝફર ઝૈદી**

એક ઝાડ એવું પ્રેમનું ઉગાડવામાં આવે, જેનો પડોશીના આંગણાંમાં પણ છાંયડો જાય. નફરતને દૂર કરવા માટે સૌથી સરળ રસ્તો પ્રેમ છે. કોઈ વ્યક્તિ નફરત વગર રહી શકે, પરંતુ પ્રેમ વગર રહી નહીં શકે. એક એવું ઝાડ (શજર) ઉગાડવામાં આવે જેનો છાંયડો પડોશી (હમ-સાયે)ના આંગણાં સુધી પ્રેમની ઠંડક પહોંચાડે. બીજા ઘરમાં જો તમે નફરતનો તડકો ઓછો કરશો તો આપમેળે તમારા ઘરમાં પણ પ્રેમનો છાંયડો કાયમ રહેશે. જોકે ઝાડનું કામ છે છાંયો આપવાનું તે કોઈ ધર્મ કે ઘરનું આંગણું જોતા નથી. ઘટાદાર વૃક્ષ હંમેશા તડકો સહન કરીને બીજાને છાંયડો આપે છે. એક એવું વૃક્ષ ઉગાડવામાં આવે કે જેનો છાંયડો પડોશીના આંગણાંને પણ ઠંડક આપે તો પછી નફરતનો તડકો કોઈને પરેશાન નહીં કરી શકે. કુદરત ક્યારે પણ કોઈ વચ્ચે ભેદભાવ કરતી નથી. ઘટાદાર વૃક્ષ પર માળો બાંધનાર પક્ષી માટે બધી ડાળીઓ સલામત હોય છે. ઝાડનો છાંયડો પણ બધા માટે હોય. ભલે ઝાડ જે આંગણાંમાં હોય તેની સાથે પડોશીના આંગણાંને પણ એ તો એક સરખો છાંયડો પહોંચાડે. તેના માટે બધા સરખા. કુદરત તરફથી મળતો સૂર્યનો પ્રકાશ હોય કે પવન હોય કે નદીનું પાણી હોય. એ કોઈ માટે ભેદભાવ રાખતા નથી. કુદરત દરેકને એક સરખો ન્યાય કરે છે. એ દરેક પ્રાણી-પંખી અને માણસને પોતાની કૃપાઓ બરોબર વહેંચે છે. તેના માટે અમીર-ગરીબ કે શેઠ-નોકર બધા સરખા છે. ઝાડનો છાંયડો બધા માટે સરખો હોય છે. બધાને એક સરખો ન્યાય કરનારા આવા પ્રેમનો સંદેશો આપતા વૃક્ષ નફરતને દૂર કરી શકે. માણસનો સૌથી મોટો ધર્મ તેની માણસાઈ છે. જેમ કુદરત બધાને સરખો ન્યાય કરે છે. તે રીતે માણસે પણ કુદરતના માર્ગ પર ચાલવું જોઈએ. જ્યાં નફરતને કોઈ સ્થાન નહીં હોય. પોતાના આંગણાંને છાંયડો આપે તેવા ઝાડ કરતા બીજાના આંગણાં સુધી છાંયડો પહોંચે તેવા વૃક્ષને ઉગાડો તો ચારેતરફ ભાઈચારો અને પ્રેમ રહે. નફરતનો તડકો પડોશીના ઘરથી પણ દૂર રહે.●

## કેફિયત

★ હનીફ મહેરી

